# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-01-2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**Day : WEDNESDAY** **National News**

**આકાશવાણી સમાચાર હીના મોદી વાંચે છે.**

***************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે "વિકસિત ભારત જી રામ જી" કાયદો ગ્રામીણ વિકાસને નવી ગતિ આપશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડ્ડયન બજાર છે

3) પ્રધાનમંત્રીએ NCC PM રેલીમાં કહ્યું કે, દેશના યુવાનો આજે રાષ્ટ્ર-પ્રથમની વિચારસરણી સાથે હિંમત અને પ્રતિબદ્ધતાને વ્યાખ્યાયિત કરે છે

4) મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું બારામતીમાં વિમાન દુર્ઘટનામાં અવસાન થયું.

5) વિશાખાપટ્ટનમ-માં ટી-20 આંતર-રાષ્ટ્રીય ક્રિકેટના ચોથા મુકાબલા માં ન્યૂઝિલૅન્ડ સામે ભારતે બોલિંગ પસંદ કરી

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PRESIDENT - PARLIAMENT

સંસદના અંદાજપત્ર સત્રની શરૂઆત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના બંને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધન સાથે થઈ . રાષ્ટ્રપતિએ ક્હ્યું કે, ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે "વિકસિત ભારત જી રામજી" કાયદો ઘડવામાં આવ્યો છે. નવો કાયદો ગ્રામીણ વિસ્તારોમાં 125 દિવસની રોજગારીની બાંહેધરી આપે છે. આ ભ્રષ્ટાચાર અને ઉચાપતને રોકવામાં પણ મદદ કરશે . રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું કે સરકારના સતત પ્રયાસોને કારણે, હાલમાં આશરે 95 કરોડ ભારતીયો સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ લઈ રહ્યા છે, જે 2014 ની શરૂઆતમાં માત્ર 25 કરોડ નાગરિકો હતા.

(બાઇટ- રાષ્ટ્રપતિ - 95 કરોડ ભારતીયો)

રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂરએ વિશ્વ સમક્ષ આતંકવાદ સામે ભારતના મજબૂત વલણને દર્શાવ્યું છે . 2025 સુધીમાં ભારતનું સંરક્ષણ ઉત્પાદન 15 લાખ કરોડ રૂપિયાને વટાવી ગયું છે. ગયા વર્ષે 2 હજાર માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. ગરીબોને 32 લાખ નવા ઘરો મળ્યા છે.

(બાઇટ- રાષ્ટ્રપતિ – હાઉસિંગ, LPG)

રાષ્ટ્રપતિએ કહ્યું કે છેલ્લા દાયકામાં ૨૫ કરોડ નાગરિકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. સરકારની મજબૂત નીતિઓ અને પહેલને કારણે , દેશમાં કૃષિ ઉત્પાદનમાં ઝડપી વધારો થયો છે . ભારત આ દાયકાના અંત સુધીમાં ૫૦૦ ગીગાવોટ નવીનીકરણીય ઉર્જા ક્ષમતાના લક્ષ્યને ચોક્કસપણે પ્રાપ્ત કરશે. તેમણે કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં, ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં ૭ હજાર ૨૦૦ કિલોમીટરથી વધુ રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

# VICE PRESIDENT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે  અંદાજપત્ર સત્રની શરૂઆતના પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધનને વ્યાપક      ,  સ્વપ્નદ્રષ્ટા અને ભવિષ્યલક્ષી ગણાવ્યું. સોશિયલ મીડિયા  સંદેશમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે સંબોધનમાં ભારતની નોંધપાત્ર વિકાસ યાત્રાની સ્પષ્ટ રૂપરેખા આપવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે તે ભવિષ્ય માટે એક આત્મવિશ્વાસપૂર્ણ રોડમેપ પણ રજૂ કરે છે.

. . . . . . . . . . . . . .

# PM ON PRESIDENT SPEECH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં આપેલા સંબોધનમાં તાજેતરના સમયમાં ભારતની નોંધપાત્ર વિકાસ યાત્રા દર્શાવવામાં આવી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ આ સંબોધનને વ્યાપક અને વ્યવહારુ ગણાવ્યું. આ સંબોધનમાં વિકસિત ભારતના નિર્માણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ એક મજબૂત અને આત્મનિર્ભર રાષ્ટ્ર બનાવવા માટેની દેશની સહિયારી આકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે.

આ સંબોધનમાં ખેડૂતો , યુવાનો, ગરીબો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના સતત પ્રયાસોને બિરદાવતા વિવિધ વિષયોનો પણ સમાવેશ થાય છે.

. . . . . . . . . . .

# PRIME MINISTER - WINGS INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે ભારતના ઉડ્ડયન ક્ષેત્રમાં માત્ર એક દાયકામાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. હૈદરાબાદના બેગમપેટ વિમાનીમથક પર આજે શરૂ થયેલા વિંગ્સ ઈન્ડિયા 2026 ને સંબોધતા , પ્રધાનમંત્રીએ એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે વિમાન ઉત્પાદનથી લઈને અદ્યતન હવાઈ ગતિશીલતા સુધી , ભારત પોતાને ઉડ્ડયન તકોની ભૂમિ તરીકે સ્થાપિત કરી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે ઉડાન યોજનાએ લગભગ એક કરોડ 50 લાખ મુસાફરોને એવા રૂટ પર ઉડાન ભરવા સક્ષમ બનાવ્યા છે જે એક દાયકા પહેલા અસ્તિત્વમાં પણ નહોતા. તેમણે કહ્યું કે, ભારત આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડ્ડયન બજાર છે , જે તેની વૃદ્ધિની ગતિ અને સ્કેલને પ્રતિબિંબિત કરે છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે ભારતમાં હવાઈ મુસાફરી હવે વિશિષ્ટ નથી પરંતુ ખરેખર સમાવેશી બની રહી છે.

. . . . . . . . . . . . .

# PM NCC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશના યુવાનો આજે રાષ્ટ્ર -પ્રથમની વિચારસરણી સાથે હિંમત અને પ્રતિબદ્ધતાને વ્યાખ્યાયિત કરે છે.

આજે નવી દિલ્હીના કરિઅપ્પા પરેડ ગ્રાઉન્ડ ખાતે વાર્ષિક એનસીસી પીએમ રેલીને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે એનસીસી એક એવી ચળવળ છે જે ભારતના યુવાનોને આત્મવિશ્વાસપૂર્ણ, શિસ્તબદ્ધ અને સંવેદનશીલ નાગરિકોમાં વિકસિત કરે છે જે રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત છે.

દેશભરના કેડેટ્સ અને અધિકારીઓને અભિનંદન આપતા , શ્રી મોદીએ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં , એનસીસીની તાકાત 14 લાખથી વધીને 20 લાખ થી વધુ કેડેટ્સની થઈ છે,

(BYTE -- PM-MODI-ON-NCC-NUMBERS )

ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરાર અંગે , શ્રી મોદીએ કહ્યું કે આ કરાર ભારતના સર્જનાત્મક અર્થતંત્રને પણ વેગ આપશે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર ભાર તના લશ્કરી અને સશસ્ત્ર કર્મચારીઓની શક્તિ અને બહાદુરીનું પ્રદર્શન કરે છે.

NCC PM રેલી એ એક મહિના સુધી ચાલનારા NCC પ્રજાસત્તાક દિવસ શિબિર 2026નો ભવ્ય સમાપન છે . દેશભરમાંથી કુલ 2 હજાર 406 NCC કેડેટ્સે ભાગ લીધો હતો, જેમાં 898 છોકરી કેડેટ્સનો સમાવેશ થાય છે . આ વર્ષની રેલીની થીમ "રાષ્ટ્ર પ્રથમ – કર્તવ્યનિષ્ઠ યુવા" છે. NCC PM રેલી દરમિયાન, NCC કેડેટ્સે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કર્યા. આ પ્રસંગે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ પણ હાજર રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# PM-AYUSH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં લગભગ 12 હજાર આયુષ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે જેથી સર્વાંગી આરોગ્યસંભાળ પૂરી પાડી શકાય.

કેરળમાં આર્ય વૈદ્યશાલા ચેરિટેબલ હોસ્પિટલના શતાબ્દી સમારોહને વર્ચ્યુઅલી સંબોધતા, શ્રી મોદીએ કહ્યું કે તેની 125 વર્ષની સફરમાં, સંસ્થાએ આયુર્વેદને એક શક્તિશાળી સારવાર પ્રણાલી તરીકે સ્થાપિત કર્યું છે.

શ્રી મોદીએ આર્ય વૈદ્યશાલાના સ્થાપક વૈદ્યરત્નમ પી .એસ. વારિયરના યોગદાનને યાદ કર્યું. તેમણે કહ્યું કે આયુર્વેદ પ્રત્યેનું તેમનું દ્રષ્ટિકોણ અને લોકોના કલ્યાણ પ્રત્યેનું તેમનું સમર્પણ નાગરિકોને પ્રેરણા આપતું રહેશે.

આયુર્વેદની લાંબા સમયથી ચાલતી ઉપચાર પ્રણાલીનો ઉલ્લેખ કરતા, શ્રી મોદીએ કહ્યું કે તે પેઢીઓથી લોકોને સાજા કરી રહી છે. આયુષ આધારિત તબીબી સારવાર માટે ભારત એક વિશ્વસનીય સ્થળ તરીકે ઉભરી રહ્યું છે

શ્રી મોદીએ કહ્યું કે સરકારે ભારતીય પરંપરાગત આરોગ્ય સંભાળને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપવા માટે આયુષ નિકાસ પ્રમોશન કાઉન્સિલની સ્થાપના કરી છે. ભારતની આયુષ અને હર્બલ ઉત્પાદનોની નિકાસ 2014 માં 3 હજાર કરોડ રૂપિયાથી વધીને 6 હજાર 500 કરોડ રૂપિયા થઈ ગઈ છે.

ભારત-યુરોપિયન સંઘ વેપાર કરારને ઐતિહાસિક ગણાવતા, શ્રી મોદીએ કહ્યું કે આ વેપાર કરાર ભારતીય પરંપરાગત તબીબી સેવાઓ અને વૈદ્યોને પ્રોત્સાહન આપશે.

(BYTE - PM-AYUSH-ON-TRADE-AGREEMENT)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# AJIT PAWAR – PLANE CRASH

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને NCP વડા અજિત પવારનું આજે બારામતીમાં વિમાન દુર્ઘટનામાં અવસાન થયું. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે માહિતી આપી હતી કે VSR વેન્ચર્સ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા સંચાલિત લિયરજેટ 45 (VT-SSK) વિમાન આજે સવારે બારામતી વિમાનીમથક પર તૂટી પડ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે , આ દુર્ઘટનામાં કોઈ પણ વ્યક્તિ બચી શક્યું નથી. દરમિયાન , એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો બારામતી વિમાનીમથક પર વિમાન દુર્ઘટનાની તપાસ કરશે. રાષ્ટ્રપતિ , ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, લોકસભા અધ્યક્ષ અને અનેક કેન્દ્રીય મંત્રીઓએ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . . . .

# ECONOMIC SURVEY

આર્થિક સર્વેક્ષણ આવતીકાલે રજૂ કરવામાં આવશે , જ્યારે કેન્દ્રીય બજેટ પહેલી ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો 13 ફેબ્રુઆરી સુધી ચાલશે. બીજો તબક્કો 9 માર્ચથી 2 એપ્રિલ સુધી યોજાશે. બજેટ સત્ર દરમિયાન ગૃહની 30 બેઠકો યોજાશે.

. . . . . . . . . . . . . .

# BEATING RETREAT 2026

77મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે બીટિંગ રીટ્રીટ સમારોહ આવતીકાલે નવી દિલ્હીના વિજય ચોક ખાતે યોજાશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અન્ય કેન્દ્રીય મંત્રીઓ સમારોહમાં હાજરી આપશે . ભારતીય સેના , નૌકાદળ, વાયુસેના અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના બેન્ડ્સ પ્રદર્શન કરશે.

. . . . . . . . . . . . . .

# RIJIJU - OPPOSITION

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ રાષ્ટ્રપતિના સંબોધન દરમિયાન વિપક્ષના વર્તનની આકરી ટીકા કરી હતી. પત્રકારો સાથે વાત કરતા શ્રી રિજિજુએ કહ્યું કે વિપક્ષનું આજનું વર્તન દેશ માટે શરમજનક છે . કોંગ્રેસ અને તેના સાથી પક્ષોને ક્યારેય માફ કરવામાં નહીં આવે.

તેમણે કહ્યું કે જ્યારે વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ ઉજવવામાં આવી રહી હતી અને બંકિમચંદ્ર ચેટરજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી હતી ત્યારે વિપક્ષે હોબાળો મચાવ્યો હતો

. . . . . . . . . . . . . .

# RUSSIA - REPRESENTATIVES

ભારતમાં રશિયન દૂતાવાસના ડેપ્યુટી હેડ ઓફ મિશન રોમન બાબુશ્કિને સંસદના બંને ગૃહોના સંયુક્ત સત્રમાં રાષ્ટ્રપતિના સંબોધનમાં હાજરી આપવા બદલ આનંદ વ્યક્ત કર્યો . આકાશવાણી સાથેની એક ખાસ મુલાકાત માં, શ્રી બાબુશ્કિને જણાવ્યું હતું કે ભારતીય સંસદીય પ્રણાલીની સિદ્ધિઓ દેશના મજબૂત વિકાસને પ્રતિબિંબિત કરે છે. શ્રી બાબુશ્કિને ખાતરી આપી હતી કે રશિયા આગામી કૃત્રિમ બુદ્ધિમત્તા - AI ઈન્ડિયા ઈમ્પેક્ટ સમિટ 2026 માં ભારતને સક્રિયપ ણે સમર્થન આપશે.

લોકસભા ચેમ્બરમાં રાષ્ટ્રપતિના સંબોધનમાં 37 દેશોના રાજદૂતો હાજર હતા.

. . . . . . . . . . . . .

# EVE INDIA CRICKET SPORTS

ભારત અને ન્યૂઝિલેન્ડ વચ્ચે આજે ટી-20 આંતર-રાષ્ટ્રીય ક્રિકેટનો ચોથો મુકાબલો રમાઈ રહ્યો છે. વિશાખાપટ્ટનમ્-માં ACA-VDCA ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાતી મૅચમાં સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમે ટૉસ જીતીને બૉલિંગ_પસંદ કરી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ , મિશેલ સેન્ટરનરની આગેવાની હેઠળની ન્યૂઝિલેન્ડની ટીમે 12.2 ઓવરમાં 3 વિકેટ ગુમાવી 126 રન કર્યા છે.

. . . . . . . . . . . . . .